# સાબરકાંઠા ભાજપ બક્ષીપંચ મોરચાની બૃહદ બેઠક યોજાઈ

કમલમ દૈનિક, અરવલ્લી

હિંમતનગર શહેરના ઉમિયા પરિવાર ના હોલમાં સાબરકાંઠા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની બૃહદ કારોબારી બેઠક પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદયભાઈ કાનગઢ, પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ કું. કૌશલ્યા કુવરબા પરમાર, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી મયંકભાઈ નાયક, જિલ્લા સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષા નાઝાભાઈ તેમજ મહેન્દ્રભાઈ અને પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી અને જિલ્લા પ્રભારી પી.એન. માલી ની ઉપસ્થિતિમાં યોજાઈ. આ પ્રસંગે





પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદયભાઈ કાનગઢે જણાવેલ કે આજે ઉત્તર ગુજરાતમાં આ પહેલી બેઠક છે જેની શરૂઆત હિંમતનગરમાંથી થઈ છે આપણે વિચારધારા સાથે જોડાયેલા છીએ એટલે રાષ્ટ્રવાદ ભાજપનો કાર્યકર્તા ભારત માતાકી જય અને વંદે માતરમ્? બોલે જ્યારે વિપક્ષના લોકો આપણને અંધ ભક્તો કહે છે આપણે અંધ ભક્તો એટલા માટે છીએ કે આપણે ભારતમાતાના અંધ ભક્તો છીએ હમણાં દિલ્હીમાં આપણા પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઈએ આપણા પ્રમુખ જે.પી. નડ્ડા જી, કેન્દ્રના બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ ડો.કે.લક્ષ્મણજી, કેન્દ્રના મંત્રીશ્રી સહિત અન્ય પદાધિકારી ગણ સાથે બક્ષીપંચ મોરચા માટે સાડા ચાર કલાક ચર્ચા કરી મિત્રો તમે વિચાર કરો આપના પ્રધાનમંત્રી તમામ સમાજના નાનામાં નાના સમાજની ચિંતા કરે છે હમણાં કેન્દ્ર સરકારે ૪૩ મંત્રીઓની નિમણુંક કરી તેમાંથી ૨૭ મંત્રીઓ બક્ષીપંચ સમાજના છે તેથી જ નાનામાં નાનો સમાજ આપણા ભાજપ સાથો જોડાય. ભાજપમાં સર્વ સમાજ સાથે જોડાયેલો સમાજ છે જેમાં નાના માણસને રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ ન મળે ત્યાં સુધી આપણે સતત જાગૃતિ થી કામ કરતા રહીએ અને એક બીજા સમાજને જોડતા રહીએ. આપણા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સાહેબ અને આદરણીય મુખ્યમંત્રી વિજયભાઈ પણ આપણા સમાજ માટે વિશેષ લાગણી રાખે છે. ઉદયભાઈ કાનગઢે વધુમાં જણાવેલ કે, આપણે ન જાતીવાદ, ન પ્રાંતવાદ આપણે રાષ્ટ્રવાદ સાથે જોડાયા છે આપણો મોરચા સ્વતંત્ર નથી આપણે એકબીજાના પૂરક છીએ પાર્ટી જે રીતે સૂચના આપે તે રીતે કામ કરીએ.

જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલે જણાવેલ કે વિવિધ સમાજ નો એકત્રીત થયેલો મોરચો બનાવવો તે ખુબ જહેમતનું કામ છે. આપણે હિંમતનગર વિધાનસભા ની સીટ માં ૮૪% બક્ષીપંચ સમજવાળી વસ્તી છે અને આ સમાજની આપણી મુખ્ય ચિંતા કરીએ છીએ જે.ડી. પટેલે પક્ષના પદાધિકારીઓને જણાવેલ કે આપણા કાર્યકર્તાઓના હૃદયને ક્યારેક ઠેસ ન પહોંચે આપણી વાણી થી પણ ક્યારેય ઠેસ ન પહોંચે તેરીતે કામ કરીએ નિષ્ઠા અને સક્રિયતા માં ઉણપ ન આવે પદાધિકારીઓ કાર્યકર્તા પ્રત્યે ખૂબ જ નરમ હોવા જોઈએ. જે.ડી.પટેલે પાર્ટી માટે ચારિત્રને પંચનિષ્ઠા ની પણ વાત કરી હતી અને જણાવેલ કે બે સીટોમાંથી આજે ૩૦૯ સીટો છે આ પાર્ટીના આપણે કાર્યકર્તા છીએ. વધુમાં જે.ડી. પટેલે જણાવેલ કે કોઈપણ પદ લેવું સહજતા નથી પરિશ્રમની પરાકાષ્ટા કરતા રહીએ આપણે આ તમામ જ્ઞાતિઓને સતત અગ્રેસર રાખ્યા છીએ. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આપણે જેને ટિકિટો આપી હતી તે તમામ ઉમેદવારો જીત્યા છે. પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરર્ચાના મહામંત્રી મયંકભાઈ નાયકે જણાવેલ કે તાઉતે વાવાઝોડા માં પ્રદેશ પ્રમુખ આદરણીય સી.આર.પાટીલ સાહેબએ સુચન કરેલ કે મોરચો શું કરી શકે અમે પાંચ હજાર રાશન કીટો બનાવી આપણા કાર્યકર્તાઓ દ્વારા વિતરણ કરેલ. આપણા પ્રમુખ ઉદયભાઈ કાનગઢ પાલિકાના સદસ્ય થી મેયર, ડેપ્યુટી મેયર સહિત અનેક પદો ઉપર રહી આજે આટલા મોટા સમાજોના નેતૃત્વ કરવા માટે પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ બન્યા છે તેમનો બહોળો અનુભવ પણ છે ઉદયભાઈ ની ઈચ્છા છે કે છેવાડાના માનવી સુધી કાર્યકર્તાઓ પહોંચે અને હિંમતનગરના ઓબીસી સમાજના લોકો નાના નાના લોકોને કેવી રીતે મદદ કરી શકે તે માટે કાર્ય કરવાનું છે કાર્યકર્તાના હૃદય સુધી પહોંચવાનું છે આપણે સમગ્ર ગુજરાતમાં આપણા મોરચા દ્વારા પાંચ લાખ લોકોને વીમા કરાવવાના છે ઉદયભાઈ નું લક્ષાંક છે અને નરેન્દ્રભાઈ ના નેતૃત્વમાં પક્ષ વધુ મજબૂત બને તેવી આશા સાથે કામ કરીએ. પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ કું.કૌશલ્યાકુંવરબાએ જણાવેલ કે, આ મોરર્ચો ખુબ સક્રીયતાથી કામ કરે છે.તેથી હું તમામને અભિનંદન આપું છું. જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ભરતભાઈ આર્યએ જણાવેલ કે, આ એ જીલ્લો છે જેણે આપણા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવરના પિતાશ્રી સ્વર્ગસ્થ લાલસિંહજી રહેવર ધારાસભ્ય હતા ત્યારે એ વખતે મુખ્યમંત્રીને બક્ષીપંચની રચના કરવા માટે રજુઆત કરી હતી એના ફળ સ્વરૂપે આ સમાજના નાનમાં નાના સમાજોને જોડવાનું કામ થયેલુ. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ ઓ.બી.સી. સમાજનું પ્રતીનીધીત્વ કરે છે એટલે આપણી જવાબદારી વધી જાય છે. આપણે સૌ સમાજને સાથે લઈ ચાલવાવાળા કાર્યકર્તા છીએ. પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણે જણાવેલ કે, ભાજપનો ઈતિહાસ પ્રેરણાદાયી છે ભાજપનો ઈતિહાસ ખુબ લાંબો છે ભાજપએ નેતાઓની પાર્ટી નથી કાર્યકર્તાઓની પાર્ટી છે. ગુજરાતમાં આ સમાજની જવાબદારી વધી જાય છે. ૫૭% લોકો ગુજરાતમાં બક્ષીપંચ

[redacted]

સમાજના છે. ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ જણાવેલ કે, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ વિશ્વનું કલ્યાણ થાય તે ભાવ સાથે કામ કરી રહ્યા છે. ધારાસભ્ય રાજેન્દ્રસિંહે હિંમતનગર તાલુકામાં તમામ જરૂરીયાત મંદોને, વિધવા બહેનો, વૃધ્ધ પેન્શનરોથી, મહિલાઓ સહિત અનેક યોજનાઓ સરકારની અપાયેલ તેની વિસ્તૃત માહિતી આપી હતી. જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યાએ આવનારી વિધાનસભાની ચુંટણીમાં આ મોરર્ચો અલગ તરીકે ઉભરાઈ આવે તે રીતે કામ કરો, કેન્દ્ર અને રાજયની યોજનાઓ બુથ સુધી લઈ જઈ કામ કરો તેમ જણાવેલ. સ્વાગત પ્રવચનમાં બક્ષીપંચ મોરર્ચાના જીલ્લા પ્રમુખ કમલેશ બારોટે જણાવેલ કે, આપણે સૌ સાથે મળી પક્ષના તમામ કામોમાં જોડાઈએ તેમજ બક્ષીપંચ મોરર્ચાના તમામ કાર્યકર્તાઓનો હું આ તબક્કે આભાર માનું છું અને અગાઉના ગુજરાતના અગ્રણી સ્વર્ગસ્થ જયંતિભાઈ બારોટથી માંડી આજે વર્તમાતમાં પક્ષમાં સાંસદો, ધારાસભ્યો અને પ્રદેશના મોળવીઓમાં આપણા સમાજનું પ્રતીનીધીત્વ ને ભારતીય જનતા પક્ષમાં આગવું સ્થાન મળેલ છે તેની સરાહના કરી આપણે પણ પક્ષ માટે આવનારી વિધાનસભાની ચુંટણીમાં બુથ સુધી કામ કરીએ તેમ જણાવેલ. આ પ્રસંગે કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા જયદેવભાઈ બારોટનું ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમમાં આવેલ તમામ મહેમાનોનું સાફો પહેરાવી સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મહામંત્રી કનુભાઈ પટેલ, મહેન્દ્રસિંહ રહેવર, પાલીકા પ્રમુખ યતીનબેન મોદી, રાહુલ પટેલ, જીલ્લા બક્ષીપંચ મોરર્ચાના પ્રભારી હર્ષદ મીસ્ત્રી, જીલ્લા મહામંત્રી ઉદેસિંહ વાઘેલા, દાદુસિંહ ઝાલા સહિત સમગ્ર બક્ષીપંચ મોરર્ચાના હોદેદારો, કાર્યકરો હાજર રહેલ.

# સરકારી તાલુકા પુસ્તકાલય હાંસોટનું મંત્રીશ્રીના હસ્તે થયેલુ લોકાર્પણ

## પુસ્તકોના નિયમિત વાંચનથી જીવનમાં હકારાત્મક પરિવર્તન આવે છે -: મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ









કમલમ દૈનિક, ભરૂચ

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજીત સરકારી તાલુકા પુસ્તકાલય હાંસોટનું લોકાર્પણ સહકાર, રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજયક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વેળાએ મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, પુસ્તકોના નિયમિત વાંચનથી જીવનમાં હકારાત્મક પરિવર્તન આવે છે.

પુસ્તકોના ઉપયોગથી શબ્દ ભંડોળ વધવાની સાથે સાહિત્ય અભિરૂચીનો વિકાસ થાય છે. માનવ જીવનને ઉપયોગી એવા ઉદારતા, સહિષ્ણુતા, ભાતૃભાવ, સ્થિરતા જેવા ગુણોની ખીલવણી થાય છે. મંત્રીશ્રીએ પુસ્તકોને સારા મિત્ર ગણાવી આજના ડીજીટલ યુગમાં પણ પુસ્તકોના વાંચનથી જીવનમાં હળવાશ અનુભવાય છે તેમ જણાવી ગ્રંથાલય વિભાગની વિવિધ યોજનાઓની વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓ, યુવાનો અને વયસ્ક નાગરીકોને પુસ્તકાલયોનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જરૂરી પુસ્તકો ઉપલબ્ધ કરાવવા પણ જણાવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત હાંસોટના પ્રમુખશ્રી ગેમલસિંહ પટેલ અને અંકલેશ્વર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી અનિલભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં હાંસોટ તાલુકાના પ્રજાજનોને પુસ્તકાલયના ઉપયોગથી જ્ઞાન પ્રાપ્ત કરવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે ગ્રંથાલય નિયામકશ્રી પંકજભાઈ ગોસ્વામીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને અંતમાં મદદનીશ નિયામકશ્રી જે.કે.ચૌધરીએ આભારદર્શન કર્યું હતું. સમર્ગ કાર્યક્રમનું સંચાલનશ્રી કિરણ પટેલે કર્યું હતું. આ પ્રસંગે માનદગ્રંથપાલશ્રી હંસરાજ પાંડેજી, શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા શ્રી ગજેન્દ્રભાઈ પટેલ, બી.આર.સી. શિક્ષક મિત્રો, આગેવાન પદાધિકારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શંખેશ્વર તીર્થે પાટણ જીલ્લા મહિલા મોરચાના મંત્રી બન્યાબાદ જીજ્ઞાબેન શેઠ નું બહુમાન કરવામાં આવ્યું.

## રાષ્ટ્ર ઉત્થાન માટે તન, મન અને ધનથી સમર્પિત થઈ જવું એજ સાચી રાષ્ટ્ર સેવા છે- જૈનમુનિ નયશેખર વિજયજી










કમલમ દૈનિક,

ઉત્તર ગુજરાતની ધન્યધરા પર આવેલ શંખેશ્વર મહાતીર્થે ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ ના ઉપક્રમે જ્યોતિષાચાર્ય પ.પૂ.ડો.આ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા, પૂજય મુનિરાજ હેમદર્શન વિજયજી મ.સા,પૂજય મુનિરાજ નયશેખર વિજયજી મ.સા, પૂજય મુનિરાજ શૌર્યશેખર વિજયજી મ.સા ના પાવન સાન્નિધ્યમાં પાટણ જીલ્લા મહિલા મોરચાના મંત્રી બન્યાબાદ શંખેશ્વર ગામનું ગૌરવ સેવાભાવી, કર્મ વીરાંગના, જીજ્ઞા કોમ્પ્યુટર કલાસીસ-ડીરેકટર શ્રીમતિ જીજ્ઞાબેન શેઠ નું બહુમાન કરવામાં આવેલ.પૂજય ગુરુદેવે વાસક્ષેપ દ્વારા આશીર્વાદ આપેલ અને આશીર્વાદ ગ્રહણ કર્યાંબાદ માનવતાના મસીહ, જંગમરત્ન તીર્થ પ્રેરક પૂ.આ.શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાની તસ્વીર પર પુષ્પનો હાર ચડાવેલ.ત્યારબાદ મુનિ હેમદર્શન વિજયજી મ.સા,મુનિ નયશેખર વિજયજી મ.સા,મુનિ શૌર્યશેખર વિજયજી મ.સા એ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ અર્પણ કરેલ.આ પ્રસંગે પૂજય મુનિરાજ નયશેખર વિજયજી મ.સા એ જણાવેલ કે રાષ્ટ્ર ઉત્થાન માટે તન,મન અને ધનથી સમર્પિત થઈ જવું એજ સાચી રાષ્ટ્ર સેવા છે. આજે મારે એક એવીજ વક્તિની વાત કરવી છે. જે પાટણ જીલ્લામાં આવેલ શંખેશ્વર ગામનું ગૌરવ અને જૈન સમાજનું પણ ગૌરવ સમાન એવા કર્મ વિરાંગના, સેવાભાવી જીજ્ઞાબેન શેઠ દ્વારા છેલ્લા ૧૬ વર્ષમાં આ ગ્રામીણ વિસ્તારમાં ૧૭,૦૦૦ થી અધિક વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું જ્ઞાન આપ્યું છે. અને આ પછાત વિસ્તારના વિદ્યાર્થીઓને રાહત દરે કોમ્પ્યુટર કલાસિસની ટ્રેનિંગ પણ આપી રહેલ છે.જેમાં ઝજીઝ સેન્ટર તથા સ્કીલ ઈન્ડિયા સેન્ટર (જિલ્લા કક્ષાનું) પણ પોતે ચલાવે છે.હાલમાં પાટણજીલ્લામાં સૌપ્રથમ વાર અને શંખેશ્વર ખાતે સ્પોકન ઈંગલિશ કોર્સ પણ ચાલી રહેલ છે. અને લોક ડાઉન ના સમયમાં ૪૫-૪૫ દિવસ સુધી જેઓએ જબરજસ્ત ખડે પગેલોકોની સેવા કરી છે.અને હાલમાં પણ ખૂબ સેવાકીઓ કાર્યો પોતે કરી રહયા છે.આ પ્રસંગે સેવાભાવી, કર્મવીરાંગના જીજ્ઞાબેન શેઠ નું સાલ, માળા, શ્રીફળ દ્વારા બહુમાન કરવામાં આવેલ.આ પ્રસંગે પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટના દરેક દાતા ટ્રસ્ટી ગણે ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ.

# થાઈલેન્ડનાં પ્રતિનિધિ મંડળની સૌજન્ય મુલાકાત













કમલમ દૈનિક,

થાઈ કોન્સ્યુલેટ શ્રી થાનાવત સિરીકુલ ની અધ્યક્ષતામાં થાઈલેન્ડનાં પ્રતિનિધિ મંડળે સુરત મહાનગરપાલિકાના માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ત્યારબાદ આ પ્રતિનિધિ મંડળે માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ સાથો સ્મેક સેન્ટરની મુલાકાત લીધી હતી. સ્મેક સેન્ટરમાં સુરત મહાનગરપાલિકાની તમામ સેવાઓનો કમાન્ડ સેન્ટરથી કન્ટ્રોલ કરવામાં આવે છે. જેમાં સુરત મહાનગરપાલિકાની આધુનિક સેવાઓ તથા શહેરીજનોની ફરીયાદથી લઈ વિવિધ વિભાગોની ઈન્ટરનલ કનેકિટવીટીને લગતી તમામ બાબતો આ સ્મેક સેન્ટરથી સંચાલિત કરવામાં આવે છે. ત્યારબાદ જુના સ્થાયી સમિતિ રૂમમાં મિટીંગ યોજાય હતી

જેમાં માન.કમિશનર શ્રી બંછાનિધિ પાની યબકએ જણાવ્યુ હતુ કે સુરત કાપડ ઉદ્યોગ અને હિરા ઉદ્યોગના કારણે ભારતનું સૌથી વધુ ઝડપે વિકસી રહેલ શહેર છે જે આજે ડાયમંડ સિટી, ટેક્ષટાઈલ સિટી તરીકે દુનિયામાં જાણીતું શહેર છે. સુરત શહેરના વિવિધ વિકાસ કાર્યોનું પ્રેઝન્ટેશન દર્શાવી સુરત શહેરમાં વિવિધક્ષેત્રે કરવામાં આવેલ વિકાસ કાર્યોથી તેઓને માહિતગાર કર્યા હતા. પ્રેઝેન્ટેશન નિહાળી થાઈ પ્રતિનિધિ મંડળ પ્રભાવિત થયુ હતું. પ્રેઝન્ટેશન બાદ ચર્ચા વિચારણા દરમ્યાન સ્થાથી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલે થાઈલેન્ડમાં ગુજરાતી– સુરતીઓને આકર્ષાવા માટે થાઈલેન્ડના હોટલો ઉધોગોમાં શાકાહારી ફુડની સુવિધા ઉપલબ્ધ કરાવવા તેમજ સુરત અને થાઈલેન્ડ વચ્ચે કનેકટીવીટી ની સુવિધા કરાવવા સુચન કરી ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ અન્ય સુવિધાબાબતે સહકાર આપવા જણાવ્યુ હતુ. વધુમાં થાઈ ડેલીગેશને સુરત મહાનગરપાલિકાના મોટા પ્રજેકટોમાં સહભાગીથવા તત્પરતા દર્શાવી હતી. માન.મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ થાઈ કોન્સ્યુલેટ શ્રીથાનાવત સિરીકુલને પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ આપી સન્માનિત કર્યા હતા. સદર મિટીંગમાં માન. ડે. મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, માન. શાસકપક્ષ નેતા શ્રી અમિતસિંગ રાજપૂત તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar, Gujarat-382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, NewGreencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028